# તરણ ઘેલછા

–રામજીભાઈ પટેલ

નાનપણથી મને તરવાનો ભારે શોખ. ઉંઝાના ગામતળાવમાં નીયમીત એક બે ચક્કર લગાવતો. આથી લોકો મને 'મગર' કહેતા. બહારગામ કે પ્રવાસમાં જવાનું થાય ત્યારે નદી, તળાવ, સમુદ્રમાં તરવાની તક ઝડપવા મથતો.

સર્વોદય યોજનાના તાલીમ કેન્દ્ર સર્વોદય વીદ્યાલય (બાપુ આશ્રમ ઘંટોલી, તા. માંડવી, જી. સુરત)માં આચાર્ય મીનુભાઈ કકલીયાના મદદનીશ શીક્ષક તરીકે જુન 1959થી હું જોડાયેલો. ત્યારે માંડવી–તરસાડા વચ્ચેનો તાપી નદી પરનો પુલ તૈયાર થયો નહોતો. એટલે માંડવીથી મઢી–બારડોલી તરફ જવા હોડી દ્વારા તાપી પાર કરવી પડતી. મને યાદ છે ત્યાં સુધી, તાપી નદીની સપાટી 97 ફુટ પહોંચી જાય ત્યારે હોડીવ્યવહાર બન્ધ થઈ જતો. એવે વખતે કીમ–સુરત થઈ બારડોલી–મઢી જવું પડતું.

હોડીમાં બેસી તાપી પાર કરવી મને ગમતી નહીં. એટલે અનુકુળતા હોય તો ક્યારેક કપડાં વગેરે કોઈને આપી હું તરતો નદી પાર કરી જતો. પરન્તુ હોડીવ્યવહાર બન્ધ થયો હોય એવા પુર વખતે નદી પાર કરવા મળી નહોતી. આવી તકની ઈચ્છા મનમાં રમ્યા કરતી.

તા. 24 ઓગસ્ટ, 1959ની બપોર પછી ઘંટોલી પાછા ફરવા સારુ મઢીથી તરસાડાની બસમાં બેઠો ત્યારે સમાચાર મળ્યા કે તાપીમાં પુર હોવાથી તરસાડા–માંડવી વચ્ચે હોડીવ્યવહાર બન્ધ છે. મને કેટલાકે કહ્યું કે હવે તમે ઘંટોલી નહીં જઈ શકો. કંડક્ટરે પણ ટીકીટ આપતાં પુર્વે મારું ધ્યાન ખેંચ્યું. આ સજ્જનોની ભાવના સારી હતી જ; પણ મેં એમની લાગણીની ઉપરવટ જઈ તરસાડાની ટીકીટ માંગી.

તરસાડા ઉતરી ચોરા આગળ કેટલાક ભાઈઓ પાસેથી મેં જાણવા પ્રયત્ન કર્યો કે પુરના સમયગાળામાં તાપી પાર કરી સામે કાંઠે માંડવી પહોંચવા ક્યાંથી નદીમાં ઝંપલાવવું પડે ? આનો યોગ્ય જવાબ આપવાને બદલે એમણે મને નીરુત્સાહ કરવા માંડ્યો. મારા 'ગાંડપણ' પર કેટલાક હસ્યા પણ ખરા. આમ છતાં જ્યારે મારો ઈરાદો અડગ જણાયો ત્યારે એમણે કહ્યું, ''હવે તો સાંજ પડી ગઈ છે. તમે આજની રાત રોકાઈ જાઓ. સવારે જજો. વળી અત્યારે આવી સ્થીતીમાં તમને

જવા દઈએ તો ભુલાભાઈ(બાપુ આશ્રમ, ઘંટોલીના સંચાલક દીવંગત ભુલાભાઈ પટેલ, જેઓ પાછળથી બારડોલીના ધારાસભ્ય પણ બન્યા હતા) પણ અમને વઢે.''

મેં કહ્યું, ''તમારી વાત ઠીક છે; પણ જો સવારે પુર ન ઉતરે તો તાપી તરવાની મને છુટ ખરીને ? ને કોઈએ મને તાપી કીનારે યોગ્ય જગ્યા બતાવી જવાની, બરાબર?''

જવાબ મળ્યો, ''ભલે.''

આ વાર્તાલાપમાં પરસ્પર બન્ને પક્ષે આદર અને સમજ કામ કરતાં હતાં. ગામલોકોને લાગતું હતું કે સવારે તો મોટેભાગે પુર ઉતરી જશે એટલે વાંધો નહીં આવે. મને હતું કે 103 ફુટ કરતાં વધુ સપાટી ધરાવતું પુર એમ કંઈ ઝડપથી ઓસરી જશે? એટલે બંદાને સહેજે તરવાની તક મળવાની. અને આમ રાત રોકાવાનું નક્કી થયું.

એક ભાઈ(જેમનું નામ હાલ યાદ નથી આવતું) એમને ઘરે મને માનભેર લઈ ગયા. એમણે જમવાની તથા પથારીની સરસ વ્યવસ્થા કરી. સવારે ઉઠીને જાણ્યું કે પુર તો હજી ઓસર્યું નથી; પરન્તુ ગઈ કાલની વાતચીત મુજબ હવે મને રોકવાનું શક્ય નહોતું. આથી મારી થેલી મેં તેમને ત્યાં મુકી. તરસાડાથી દોઢબે કીલોમીટર દુર સુધી બીજા એક ભાઈ, મારી સાથે આવી, કઈ જગ્યાએથી તાપીમાં ઉતરવું અનુકુળ પડે તે બતાવી ગયા. એમને મેં મારો લેંઘો, કફની, બંડી આપી આભાર માની વીદાય કર્યા. હવે હું ફક્ત ચડ્ડીભેર હતો. ચડ્ડીની નાડી સાથે કબાટની ચાવી બાંધી દીધેલી ખરી.

તાપીના ધસમસતા પ્રવાહમાં ભગવાનનું નામ લઈ મેં ઝંપલાવ્યું. પુરમાં ઝાડ–ઝાંખરાં વગેરે પણ આવતાં હતાં, એટલે શાંત સરોવર કરતાં મુશ્કેલી તો પડતી હતી; પણ મને કોઈ ડર નહોતો, બલકે અપેક્ષીત અવસર આવી મળ્યાનો આનન્દ હતો. સામે કાંઠે અમુક જગ્યાએ પહોંચી જવું જરુરી હતું. એ સ્થળે કે તે પુર્વે બહાર ન આવી શકાય તો પછી પથ્થરોવાળાં ક્ષેત્રમાં તરવાની પણ મુશ્કેલી વધે તેવો ખ્યાલ હતો, આવી ગણતરીઓવાળા જમણી તરફના ત્રાંસા માર્ગે હું આગળ વધતો હતો. ત્યાં અચાનક ડાબી તરફના – તરસાડા તરફના માર્ગે હું ધકેલાયો. જમણી તરફ કોઈ નાનો જળપ્રવાહ તાપીમાં ભળતો લાગ્યો. એના પ્રવાહમાં હું નીર્ધારીત માર્ગથી દુર ફંગોળાવા લાગ્યો. આ અણધાર્યા આવી પડેલા અવરોધથી પણ હું ઉગરી ગયો. મારે હાથે ધર્મની મારી બે બહેનો (જમુ અને લલીતા)ની રાખડીઓ બાંધેલી હતી. મને એવો વીચાર આવ્યો કે મારે હાથે રાખડી બાંધેલી છે પછી મને શું થવાનું છે ? કોણ જાણે કેમ, તત્ક્ષણ મારી હીમ્મત વધી ગઈ ને

મારી તરણક્રીયા વધુ વેગવાન બની. પરીણામે નીર્ધારીત સ્થાન કરતાં થોડો અગાઉ હું સામે કીનારે પહોંચી ગયો.

આ બાજુ તરસાડામાં કેટલાક લોકો કુતુહલવશ મને જોઈ રહ્યા હતા. એ સર્વનો મેં હાથ ઉંચો કરી આભાર માન્યો. તેઓ પણ સ્વાભાવીક રીતે ખુશ હતા.

હવે માંડવીના બજારમાં ફક્ત ચડ્ડીભેર બાવીસ વરસનો આ રામ, ચાલવા લાગ્યો. અમારા ઓળખીતા વેપારી–મીત્રો પાસેથી કપડાં લઈ પહેરવાં કે કેમ એમ વીચારતાં નક્કી કર્યું કે ના, આદીવાસી વીસ્તારમાં, આદીવાસીની જેમ, સાહજીક રીતે ઉઘાડા રહેવાની તક મળી છે તો તે કેમ ન માણવી ? આથી ઠેઠ ઘંટોલી આશ્રમ સુધી, આઠ કીલોમીટર, હું ચડ્ડીભેર જ ચાલતો ગયો.

લોકભારતીના ત્યારના ઉપનીયામક જ્યોતીભાઈ દેસાઈએ મને ‘તાપીવીર’ તરીકે નવાજેલો.

25 ઓગસ્ટ, 1959ની આ સત્યઘટના રક્ષાબંધનનું બળ હશે કે તરણકળાનો વીશ્વાસ યા એ બન્ને?

–રામજીભાઈ પટેલ

જુલાઈ, 2012ના ‘કોડીયું’ માસીકના પાન ક્રમાંક 462 ઉપરથી.. લેખકશ્રી અને ‘કોડીયું’ના સૌજન્યથી સાભાર..

લેખક સમ્પર્ક :

રામજીભાઈ પટેલ,

ખ–204, બાલેશ્વર વીહાર, સરકારી ટ્યુબવેલ સામે, બોપલ, અમદાવાદ–380 058

Mobile : 94 29 20 21 66 / 97255 92940

## લેખકનો સંક્ષીપ્ત પરીચય :

## ‘જોડણીવીર’ રામજીભાઈ પટેલ

લોકભારતીમાં શ્રી ગીરીરાજકીશોરજીના એક જાહેર વ્યાખ્યાન દરમીયાન માતૃભાષામાં શુદ્ધીના આગ્રહની વાત થતાં, લોકભારતીએ સાચું ગુજરાતી લખવા માટેની જે ઝુંબેશ શરુ કરી તેમાં, અર્થશાસ્ત્રના અધ્યાપક એવા આ રામજીભાઈએ જોડણી ભણાવવાનું હાથ પર લીધું હતું ને

આ જ કાર્ય માટે તેમાં ઉંડાં ઉતરતાં તેમને લાગ્યું કે ‘જોડણીકોશના નીયમોમાં તો નકરી અરાજકતા જ છે !’

પછી તો જેમ વીનોબાજીએ ભુમીદાન માટે તેમ રામજીભાઈએ પોતાનું જીવન ગુજરાતીની ‘જોડણી’ માટે સમર્પીત કર્યું.. સતત વાચન, મનન, ચીન્તનથી પ્રતીતી થઈ કે ‘આ જોડણી કોઈ કાળે આવડે તેવી નથી.’ તેમણે આ વાતને ચીંતાનો વીષય ગણીને ચાર પુસ્તકો પ્રગટ કર્યાં. (એમનાં કુલ પુસ્તકો તો ૨૨થી વધુ થવા જાય છે) જોડણી માટે સાવ નીશ્ચીન્તોમાં એક ભુકંપ સર્જાયો ને એમના અથાગ પ્રયાસથી 9-10 જાન્યુઆરી, 1999માં ઉંઝામાં પહેલી જ વાર ‘ગુજરાતી જોડણી–પરીષદ’ ભરાઈ. 350 જેટલા વીદ્વદ્જનો હાજર રહ્યા.. અનેક સુધારા સુચવાયા, તેમાંથી એક સુધારો તત્કાળ સ્વીકારાયો કે આ અરાજકતાની જડ, ગુજરાતીએ બબ્બે ‘ઇ–ઈ’ અને ‘ઉ–ઊ’ અપનાવ્યા તે છે; જે ગુજરાતીઓને પલ્લે પડ્યા જ નથી !

તે દીવસથી સૌએ લખાણમાં એક જ ‘ઈ’ અને એક જ ‘ઉ’ લખવાનું સ્વીકાર્યુ. કેટલાકે પ્રતીજ્ઞા લીધી. ડઝનબંધી સામયીકો જેમ કે ‘નયા માર્ગ’, ‘માનવવાદ’, ‘વીવેકપંથી, ‘સત્યાન્વેષણ’, ‘સલામતી’ વગેરેએ એક ‘ઈ–ઉ’ અપનાવ્યા. ‘નેટ–ગુર્જરી’, ‘અભીવ્યક્તી’ જેવા ઘણા બ્લોગ શરુ થયા છે, બાર વરસથી ચાલતી પાક્ષીક ‘સન્ડે ઈ.મહેફીલ’ આજે પચીસ હજારથીયે વધુ વાચકોને મોકલાય છે. દેશવીદેશે લાખો ગુજરાતી આંખો, એક ‘ઈ’–‘ઉ’ આસાનીથી વાંચે છે ને અનુભવે છે કે કશો જ ફરક નથી પડતો– હ્રસ્વ લખો કે દીર્ઘ. જો આમ જ લખીએ તો કશું આભ તુટી પડતું નથી.

જંગી સમ્મતીથી સ્વીકારાયેલા આટલા જ સુધારામાત્રથી લખાણમાં થતી હ્રસ્વ–દીર્ઘને લગતી ભુલો 100 ટકા નીવારી શકાય. કારણ કે કોશમાં 46 ટકા જેટલા શબ્દો હ્રસ્વ–દીર્ઘવાળા હોય છે ને બાકીના 54 ટકા શબ્દોમાં તો તે હ્રસ્વ–દીર્ઘ ‘ઈ–ઉ’ હોતાં જ નથી !

આ વાત તો બહુ લાંબી છે; પણ તે અંગે વળી ક્યારેક – છતાં ઉત્સુકો વધારે જાણવા ઈચ્છે તો અમને નીચેને અમારે સરનામે જરુર લખે. અસંખ્ય લેખો, ડૉક્યુમેન્ટ્સ, ઈ.બુક્સ વગેરે અમારા સંગ્રહમાં છે. મોકલી આપીશું.

–જુગલકીશોર વ્યાસ – jjugalkishor@gmail.com – Cell Phone : 94 28 80 24 82
–ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com –Phone : 0261-255 3591

@@@

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ : બારમું – અંક : 360 – 30 October, 2016
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

&&&

More than 3,28,47,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 66,62,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 8,80,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 4,06,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@